આઈસીડીએસ યોજનાના સહાયના જુદા જુદા
કમ્પોનન્ટ્સ માટે સહાયના ધોરણોમાં સુધારા
બાબત (જનરલ રેવન્યુ)

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી-૧૧૨૦૧૮-૮૭-બ
સચિવાલય, ગાંધીનાગર
તા. ૨૧-૦૨-૨૦૧૮

સંદર્ભઃ-

(૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૨૬-૧૨-૨૦૧૨ ના પત્ર ક્ર:1-8/2012–CD–I
(૨) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૧૭-૧૧-૨૦૧૫ ના D.O.F.No.CD-II-14/57/2015-CD-II.
(3) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૨૩-૧૧-૨૦૧૭ ના પત્ર ક્ર:11-36/2016-CD-I.
(૪) કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૧/૧૨/૨૦૧૭ નો પત્ર નં.એન-3/સ્ટોર/ચાલુ બાબત/ કમ્પો.સુધારા/જન.રેવન્યુ/આઇસીડીએસ/૫૨૪૪૯/૨૦૧૭.

ઠરાવઃ-

સંદર્ભ (૧) માં જણાવેલ ભારત સરકારશ્રીના તા.૨૬/૧૨/૨૦૧૨ ના પત્ર થી આઇ.સી.ડી.એસ. કમ્પોનન્ટ્સ માટેના અગાઉના નક્કી થયેલ નોર્મ્સ તેમજ સંદર્ભ (૨) માં જણાવેલ ભારત સરકારશ્રીના તા.૧૭/૧૧/૨૦૧૫ ના પત્ર થી થયેલ કોસ્ટ શેરીંગ રેશીયો ૬૦:૪૦ ના પ્રમાણમાં થયેલ સુધારા મુજબ જુદા જુદા કોમ્પોનન્ટસ માટેના સહાયના ધોરણો પ્રમાણે અનુદાન આપવામાં આવે છે.

૨. હવે સંદર્ભ(3) માં જણાવેલ ભારત સરકારશ્રીના તા.૨૩/૧૧/૨૦૧૭ ના પત્રથી UMBRELLA "INTEGRATED CHILD DEVELOPMENT SERVICES" અંતર્ગત હવેથી ICDS – એ આંગણવાડી સર્વિસીસ તરીકે તા.૧/૧૨/૨૦૧૭ થી નવા નામાભિધાનથી ઓળખાશે, તેમજ તેમાં સમાવિષ્ટ વિવિધ કોમ્પોનન્ટ્સ- આંગણવાડી, મીની આંગણવાડી, ઘટક, જિલ્લા દીઠ વિવિધ પ્રવૃતિઓના સહાયના ધોરણોમાં તા.૧/૧૨/૨૦૧૭ થી ફેરફાર/સુધારા–વધારા કરવામાં આવેલ છે. તદ્દઅન્વયે સંદર્ભ (૪) માં જણાવેલ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૨૧/૧૨/૨૦૧૭ ના પત્ર થી સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આઈસીડીએસ યોજનાના સહાયના ધોરણોમાં ભારત સરકારશ્રી ધ્વારા કરાયેલ આ સુધારા મુજબ રાજ્ય સરકારે કરવાના થતા (જનરલ રેવન્યુ હેઠળના) સહાયના ધોરણોમાં સુધારા કરવા અંગે વહીવટી મંજુરી માટે દરખાસ્ત કરેલ છે.

૩. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના ઉક્ત દરખાસ્ત અનુસંધાને, સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આઈસીડીએસ યોજનાના સહાયના ધોરણોમાં ભારત સરકારશ્રી ધ્વારા સુધારો થતાં રાજ્ય સરકારે કરવાના થતા (જનરલ રેવન્યુ હેઠળના) જુદા જુદા કમ્પોનન્ટ્સ માટેના સહાયના ધોરણમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ભા.સ.શ્રીનું જૂનું સહાયનું ધોરણ | જૂના સહાયના ધોરણ મુજબ એકમ દિઠ સહાય રૂ. | ભા.સ.શ્રીનું નવું સહાયનું ધોરણ | નવા સહાયના ધોરણ મુજબ એકમ દિઠ સહાય રૂ. | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| (૧) | કન્ટીજન્સી | | | | | સ્ટેટ, જિલ્લા તેમજ ઘટક કક્ષા માટે સહાયનું ધોરણ બંધ કરેલ છે. |
| | સ્ટેટ કક્ષા | ૬૦:૪૦ | ૨,૦૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | જિલ્લા કક્ષા | ૬૦:૪૦ | ૧,૦૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | ઘટક કક્ષા | ૬૦:૪૦ | ૬૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૦૦ | ૬૦:૪૦ | ૨૦૦૦ | નોર્મ્સ માં સુધારો થયેલ છે. |
| | મીની આંગણવાડી | ૬૦:૪૦ | ૫૦૦ | ૬૦:૪૦ | ૧૦૦૦ | |
| (૨) | આઇ.ઈ.સી | | | | | જિલ્લા તેમજ ઘટક કક્ષા માટે સહાયનું ધોરણ બંધ કરેલ છે. |
| | જિલ્લા કક્ષા | ૬૦:૪૦ | ૧,૦૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | ઘટક કક્ષા | ૬૦:૪૦ | ૫૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૦૦ | ૬૦:૪૦ | ૧૦૦૦ | નોર્મ્સ માં સુધારો થયેલ નથી. |
| | મીની આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૦૦ | ૬૦:૪૦ | ૧૦૦૦ | |
| (૩) | મેડીસીન કિટ્સ | | | | | નોર્મ્સ માં સુધારો થયેલ છે. |
| | આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૦૦ | ૬૦:૪૦ | ૧૫૦૦ | |
| | મીની આંગણવાડી | ૬૦:૪૦ | ૫૦૦ | ૬૦:૪૦ | ૭૫૦ | |
| (૪) | પ્રિ.સ્કુલ કિટ્સ | | | | | નોર્મ્સ માં સુધારો થયેલ છે. જેમાં પ્રિ.સ્કુલ કિટ્સ તેમજ ECCE તાલિમ તથા ECCE મટેરીયલનો સમાવેશ કરાયેલ છે. |
| | આંગણવાડી | ૬૦:૪૦ | ૩૦૦૦ | ૬૦:૪૦ | ૫૦૦૦ | |
| | મીની આંગણવાડી | ૬૦:૪૦ | ૧૫૦૦ | ૬૦:૪૦ | ૫૦૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૫) | મોનિટરીંગ & ઈવેલ્યુએશન | | | | | નોર્મ્સ માં સુધારો થયેલ છે. |
| | આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૫૦ | ૬૦:૪૦ | ૧૫૦૦ | |
| | મીની આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૫૦ | ૬૦:૪૦ | ૧૫૦૦ | |
| (૬) | ફર્નિચર અને ઇક્વિપમેન્ટ્સ (દર પાંચ વર્ષે એક વાર) | | | | | સ્ટેટ, જિલ્લા, તેમજ ઘટક કક્ષા માટે સહાયનું ધોરણ બંધ કરેલ છે. |
| | સ્ટેટ કક્ષા | ૬૦:૪૦ | ૫,૦૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | જિલ્લા કક્ષા | ૬૦:૪૦ | ૪,૦૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | ઘટક કક્ષા | ૬૦:૪૦ | ૨,૦૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | |
| | આંગણવાડી | ૬૦:૪૦ | ૭૦૦૦ | ૬૦:૪૦ | ૧૦,૦૦૦ | નોર્મ્સ માં સુધારો થયેલ છે. |
| | મીની આંગણવાડી | ૬૦:૪૦ | ૫૦૦૦ | ૬૦:૪૦ | ૭૦૦૦ | |
| (૭) | ગણવેશ સાડી (દર વર્ષે ૨ નંગ મુજબ) | | | | | નોર્મ્સ માં સુધારો થયેલ છે. |
| | આંગણવાડી (કાર્યકર તથા હેલ્પર) કુલ ૪ સાડી | ૬૦:૪૦ | ૧૨૦૦ | ૬૦:૪૦ | ૧૬૦૦ | |
| | મીની આંગણવાડી કાર્યકર ૨ સાડી | ૬૦:૪૦ | ૬૦૦ | ૬૦:૪૦ | ૮૦૦ | |
| (૮) | પેટ્રોલ, ઓઇલ, એન્ડ લુબ્રિકેન્ટ (POL) | | | | | |
| | <u>સરકારી વાહનો</u> | | | | | |
| | સ્ટેટ સક્ષા | ૬૦:૪૦ | ૧,૨૦,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | ભા.સ.શ્રી દ્વારા સહાયનું ધોરણ બંધ કરેલ છે. |
| | જિલ્લા કક્ષા | ૬૦:૪૦ | ૧,૫૦,૦૦૦ | ૬૦:૪૦ | ૧,૯૦,૦૦૦ | સહાયના ધોરણમાં રૂ.૪૦,૦૦૦ પ્રતિ વાહન લેખે વધારો કરેલ છે. |
| | ઘટક કક્ષા | ૬૦:૪૦ | ૧,૭૫,૦૦૦ | ૬૦:૪૦ | ૧,૯૦,૦૦૦ | સહાયના ધોરણમાં રૂ.૧૫,૦૦૦ પ્રતિ વાહન લેખે વધારો કરેલ છે. |
| | <u>ભાડાના વાહન</u> | | | | | |
| | સ્ટેટ સક્ષા | ૬૦:૪૦ | ૨,૧૫,૦૦૦ | ૬૦:૪૦ | ૦ | પ્રતિ વાહન લેખે સહાયના ધોરણમાં સુધારો કરેલ છે પ્રતિ વાહન રૂ.૩૫૦૦૦ નો વધારો કરેલ છે. |
| | જિલ્લા કક્ષા | ૬૦:૪૦ | ૨,૧૫,૦૦૦ | ૬૦:૪૦ | ૨,૫૦,૦૦૦ | |
| | ઘટક કક્ષા | ૬૦:૪૦ | ૨,૧૫,૦૦૦ | ૬૦:૪૦ | ૨,૫૦,૦૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૯) | ફ્લેક્શી ફંડ | | | | | |
| | આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૦૦ | ૬૦:૪૦ | ૧૦૦૦ | અગાઉના નોર્મ્સ કોઈ ફેર-ફાર થયેલ નથી. જોગવાઈનો ઉપયોગ કુદરતી આપત્તિના સંજોગોમાં કરવાનો રહે છે. |
| | મીની આંગણવાડી | ૬૦:૪૦ | ૧૦૦૦ | ૬૦:૪૦ | ૧૦૦૦ | |
| (૧૦ | આંગણવાડી મકાન ભાડુ | | | | | |
| | ગ્રામ્ય વિસ્તાર | ૬૦:૪૦ | ૭૫૦ | ૬૦:૪૦ | ૧૦૦૦ | નોર્મ્સ માં સુધારો થયેલ છે. |
| | શહેરી વિસ્તાર | ૬૦:૪૦ | ૩૦૦૦ | ૬૦:૪૦ | ૪૦૦૦ | |

આમ, ઉપર ફકરા-3 ના ક્રમ નં.(૧) કન્ટીજન્સી/વહીવટી ખર્ચ અંગે અગાઉ એક ઘટક કક્ષા માટે રૂ.૬૦,૦૦૦/-, એક જિલ્લા કક્ષા માટે રૂ.૧,૦૦,૦૦૦/- અને રાજ્ય કક્ષા માટે રૂ.૨,૦૦,૦૦૦/- ના ખર્ચની રકમ કેન્દ્ર સરકાર દ્વારા ૬૦:૪૦ ના પ્રમાણમાં ગ્રાંટ ફાળવવામાં આવતી હતી, જે જોગવાઇ તા.૨૩/૧૧/૨૦૧૭ ના પત્રથી રદ કરવામાં આવેલ છે. આથી ઘટક કક્ષાની ૨૫૬, જિલ્લા કક્ષાની ૨૦ તેમજ રાજ્યકક્ષા માટેની કચેરીઓમાં વહીવટી કામકાજ માટે આ ધારા ધોરણ હેઠળ હવે ૧૦૦% સ્ટેટ બર્ડનમાં જોગવાઈ કરવાની રહે છે.

ઉપર ફકરા-3 ના ક્રમ નં.(૨) ક્રમ નં.-૨ આઈ.ઈ.સી. ના પ્રવૃત્તિ અંગે ભારત સરકારશ્રીના નોર્મ્સ મુજબ અગાઉ એક ઘટક કક્ષા માટે રૂ.૫૦,૦૦૦/- તથા એક જિલ્લા કક્ષા માટે રૂ.૧,૦૦,૦૦૦/- ના ખર્ચની રકમ કેન્દ્ર સરકાર દ્વારા ૬૦:૪૦ ના પ્રમાણમાં ગ્રાંટ ફાળવવામાં આવતી હતી, જે જોગવાઇ તા.૨૩/૧૧/૨૦૧૭ ના પત્રથી રદ કરવામાં આવેલ છે. આથી ઘટક કક્ષાની ૨૫૬ તથા જિલ્લા કક્ષાની ૨૦ કચેરીઓમાં IEC ની પ્રવૃત્તી માટે આ ધારા ધોરણ હેઠળ હવે ૧૦૦% સ્ટેટ બર્ડનમાં આ જોગવાઈ કરવાની રહે છે.

ઉપર ફકરા-3 ના ક્રમ નં.(૬) ફર્નિચર અને ઇક્વિપમેન્ટ્સ (દર પાંચ વર્ષે એક વાર) અંગે અગાઉ એક ઘટક કક્ષા માટે રૂ.૨,૦૦,૦૦૦/- એક જિલ્લા કક્ષા માટે રૂ.૪,૦૦,૦૦૦/- અને રાજ્ય કક્ષા માટે રૂ.૫,૦૦,૦૦૦/- ની ખર્ચની રકમ કેન્દ્ર સરકાર દ્વારા ૬૦:૪૦ ના પ્રમાણમાં ગ્રાંટ ફાળવવામાં આવતી હતી, જે જોગવાઇ તા.૨૩/૧૧/૨૦૧૭ ના પત્રથી રદ કરવામાં આવેલ છે. આથી ઘટક કક્ષાની ૨૫૬, જિલ્લા કક્ષાની ૧૬ અને રાજ્યકક્ષાની કચેરીઓમાં ફર્નિચર અને ઇક્વિપમેન્ટ પુરા પાડવા માટે આ ધારા ધોરણ હેઠળ હવે ૧૦૦% સ્ટેટ બર્ડનમાં આ જોગવાઈ કરવાની રહે છે.

ઉપર ફકરા-૩ ના ક્રમ નં.(૮) મુજબ, રાજ્ય કક્ષાએ સરકારી વાહનો માટે પ્રતિ વાહન દિઠ રૂ.૧,૨૦,૦૦૦/- તથા ભાડાના વાહનો માટે પ્રતિ વાહનદિઠ રૂ.૨,૧૫,૦૦૦/- ની જોગવાઈ અનુસાર અગાઉ ભારત સરકારશ્રી દ્વારા ૬૦:૪૦ ના પ્રમાણમાં ખર્ચ માટેની રકમ આપવામાં આવતી હતી. જે જોગવાઇ તા.૨૩/૧૧/૨૦૧૭ ના પત્રથી રદ કરવામાં આવેલ છે. આથી રાજ્ય કક્ષાની કચેરીઓના સરકારી વાહનો તેમજ ભાડાના વાહનોની સુવિધા પુરી પાડવા માટે આ ધારા ધોરણ હેઠળ હવે ૧૦૦% સ્ટેટ બર્ડનમાં આ જોગવાઈ કરવાની રહે છે.

ઉપર ફકરા-૩ અને ૪ ની વિગતો મુજબ ઉક્ત કમ્પોનન્ટ્સમાં અગાઉના નોર્મ્સમાં ફેરફાર થવાથી જનરલ પ્લાન સદરે સુધારેલ નોમ્સ મુજબ જોગવાઈમાં વધારો કરવા તેમજ જે કમ્પોનન્ટ્સના નોમ્સમાં સહાય બંધ કરવામાં આવેલ છે, તે કમ્પોનન્ટ્સ માટે ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ જનરલ રેવન્યુ સદરે જોગવાઈ કરવાની મંજૂરી આપવામાં આવે છે. જે મુજબની ચાલુ બાબતોને વર્ષ ૨૦૧૭-૧૮ થી (તા.૧/૧૨/૨૦૧૭ થી) અમલી કરવા આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>સદર:</u>
માંગણી નં. ૧૦૬ (રેવન્યુ)
મુખ્ય સદર – ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર-૦૨-પોષણ અને ખાદ્ય અને પીણાની વહેચણી
ગૌણ સદર- ૮૦૦
પેટા સદર -૦૧ NTR-18 સંકલિત બાળ વિકાસ યોજના ને સુદ્રઢ કરવા અંગે (રેવન્યુ)

૬. ભારત સરકારશ્રીના ઉપરોક્ત સંદર્ભ (૩) ના પત્રની જોગવાઇઓ તથા કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરીના સંદર્ભ (૪) ના પત્રની દરખાસ્ત અનુસાર આઇસીડીએસ યોજનાના સહાયના જુદા જુદા કમ્પોનન્ટ્સના અંગેના સુધારેલ દરો મુજબ ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૭. આ સુધારેલ દર ધ્યાને લઇ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા કમ્પોનન્ટ્સ વાઇઝ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના નીતિ નિયમો મુજબ સહાયના ધોરણોમાં સુધારિત માર્ગદર્શિકા બહાર પાડવાની રહેશે.

૮. આ અંગેનો ખર્ચ જે તે બજેટ સદર હેઠળ કરવામાં આવેલ નાણાંકીય વર્ષ ૧૭-૧૮ ના સુધારેલ અંદાજોમાં તથા નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ ની જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૯. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૪-૨-૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ., કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામ............
મ્યુ. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, તમામ..........
ડે. મ્યુ. કમિશ્નરશ્રી, મહાનગર પાલિકા, તમામ.........
જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિલ્લા તમામ.......